# બોરીજ ખાતે સઘન મિશન ઈંદ્રધનુષ રસીકરણ અભિયાનની મુલાકાત લેતા નાયબ મુખ્યમંત્રી

## ઝેરી કમળો, બાળ ટી.બી., પોલિયો, ડિપ્થેરિયા, ઊટાટિયું, ધનુર, હીબ બેક્ટેરિયાથી થતા ન્યુમોનિયા જેવા રોગો, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવાં ૧૦ ગંભીર રોગ સામે રક્ષણ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં માતા-બાળ મૃત્યુ દર ઘટાડવા તથા ગંભીર રોગો સામે તેમને સુરક્ષા કવચ પુરૂ પાડવા રાજ્ય સરકાર દ્વારા સઘન મિશન ઈંદ્રધનુષ રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે ત્યારે આજે ગાંધીનગર મહાનગર પાલિકાના બોરીજ ખાતે સઘન મિશન ઈંદ્રધનુષ રસીકરણ અભિયાનના સ્થળની નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મુલાકાત લીધી હતી. આ અભિયાનનો પ્રથમ તબક્કો તા. ૧૨ જુલાઈ-૨૦૨૧ થી શરૂ કરી દેવામાં આવ્યો છે. જયારે બીજો તબક્કો ૧૭ ઓગસ્ટ-૨૦૨૧ થી અને ત્રીજો તબક્કો૧૩ સપ્ટેબર ૨૦૨૧ થી શરૂ કરવામાં આવશે. જેમાં જુલાઈ-૨૦૨૧થી સપ્ટેબર-૨૦૨૧ના અઠવાડિયાના ૭ દિવસ (મમતા દિવસ- બુધવાર, રવિવાર અને રજાના દિવસો સિવાયના દિવસોમાં) સેશન પ્લાન કરી રસીકરણની વ્યવસ્થા



કરવામાં આવી છે.

આ પ્રસંગે મીડિયાને સંબોધન કરતાં પટેલે જણાવ્યું કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલ શ્રેષ્ઠ કામગીરીના પરિણામે તાજેતરમાં નીતિ આયોગ દ્વારા આરોગ્ય ક્ષેત્રે જાહેર કરાયેલ સૂચકાંકોમાં ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે રહ્યું છે. અને આગામી સમયમાં પણ આવી જ સફળ કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા ચાલુ રાખી આરોગ્ય ક્ષેત્રને સુદ્રઢ બનાવવામાં આવશે તેવો મને દ્રઢ વિશ્વાસ છે.

તેમણે ઉમેર્યુ કે રાજ્યમાં માતા-બાળ મૃત્યુ દર ઘટાડવા તથા ગંભીર રોગો જેવા કે ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઊટાટીયું, ધનુર, હીબ બેક્ટેરિયાથી થતા ન્યુમોનિયા જેવા રોગો, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવાં ૧૦ ગંભીર રોગ સામે માતા અને બાળકોને રક્ષણ પુરૂ પાડવા રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે. રાજ્યમાં આ કાર્યક્રમ અંતર્ગત વાર્ષિક ૧૩ લાખથી વધુ સગર્ભા માતાઓને અને તેમના બાળકોને આવરી લેવાય છે. છેલ્લાં એક વર્ષમાં ૧૦.૨૬ લાખથી વધુ (૯૧ ટકા) બાળકોનું રસીકરણ આ અભિયાન અંતર્ગત કરાયું છે.

# ગીર સાસણ ખાતે આવેલા ભોજદે ગામેથી વિજય ટાંક ઝડપાયો

## વિજય ટાંક સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધાયો છે, સિધ્ધાર્થ ઝાઓડમાં ઓફિસ પચાવી પાડવા અંગે ગુનો નોંધાયો છે.

ગાંધીનગર, તા.૧૪ ફોટો

ગાંધીનગર સરગાસણ સ્થિત સિધ્ધાર્થ ઝાઓડમાં ન્યુઝ ચેનલ ચલાવવા માટે લીધેલી ઓફિસનો ભાડા કરારનો સમય પુરો થઈ ગયો હતો.તેમ છતા ભાડા કરાર રીન્યુ પણ કરાવ્યો ન હતો અને ભાડાની રકમ પણ બિલ્ડરને આપવાની બંધ કરી દીધી હતી. આ પ્રકરણમાં લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ગુનો નોંધાયો હતો. ત્યારે આ કેસના અને બોપલના અપહરણ તેમજ લુંટના ગુનાના મુખ્ય આરાપીને ગીર સાસણ ખાતે આવેલા ભોજદે ગામથી એલસીબી-૧ અને ૨ ની ટીમે દબોચી લીધા હતા.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચૈતન્ય પટેલ (રહે. સેકટર-૧ સી પ્લોટ નં.૩૨૫-૧ ) સિધ્ધરાજ ઝાઓડ ખાતે ઓફીસ ભાડા કરાર પર વિજયસિંહ હરીસિંહ ટાંકન (રહે. પ્લોટ નં.૧૫૪ સેકટર-૮)ને ન્યુઝ ચેનલ ચલાવવા માટે આપી હતી. જયારે ભાડા કરાર વિજયસિંહ ટાંકે તેમની પત્ની વિણાબહેન વિજયસિંહ ટાંકના નામથી કર્યો હતો.

ત્યારબાદ વિજયસિંહ ટાંક ભાડા કરારનો સમય પણ પુરો થઈ ગયો હતો અને ભાડા કરાર પણ રીન્યુ કરાવ્યો ન હતો. જયારે ભાડાની રકમ પણ ફરીયાદીને આપવામાં આવતી ન હતી. જયારે ન્યુઝ ચેનલનું લાયસન્સ પણ કલેકટર દ્વારા રદ થઈ ગયુ હતુ તેમ છતા સોશ્યલ મિડીયા (સેટેલાઈટ) દ્વારા પ્રસારણ શરુ હતું. જયારે ઓફિસ પર કબ્જો જમાવી પચાવી પાડી હતી. જેને પગલે લેન્ડ ગ્રેબીંગ હેઠળ ગુનો નોંધાયો હતો. જયારે ડીવાયએસપી એમ.કે.રાણાએ એલસીબી-૧ પીઆઈ જે.જી.વાઘેલા, એલસીબી-૨ પીઆઈ એચ.પી. ઝાલા અને



સેકટર-૭ પીઆઈ એસ.એસ.પવારની ટીમો બનાવી આરોપી વિણાબહેનને પકડી પાડ્યા હતા.જયારે મુખ્ય આરોપી વિજયસિંહ ટાંક લેન્ડ ગ્રેબીંગ અને બોપલ પોલીસ મથકના ગુનામાં નાસતા ફરતા હોવાથી તેમને શોધવા વિવિધ ટીમો કામે લાગી હતી. તે દરમિયાન એલસીબીની ટેકનીલક ટીમ દ્વારા આરોપી રાજકોટ હોવાની માહિતિ મળી હતી. જેથી પીએસઆઈ વી.કે.રાઠોડ તેમજ ટીમના સભ્યોએ રાજકોટ, બોટાદ, જુનાગઢ, ગીર સોમનાથ સહિતના સ્થળોએ સર્વેલન્સ તેમજ હ્યુમન રીસોર્સને પગલે આરોપીને પકડવા માટે તપાસ શરુ કરી હતી. તે સમયે હેડ કોન્સ્ટેબલ સજ્જાદ હુસેનને હકીકત મળી હતી કે આરોપી વિજયસિંહ ટાંક ગીર સાસણ ખાતે આવેલા ભોજદે ગામે એક ફાર્મ હાઉસમાં રોકાયેલ છે. તેની સાથે અમદાવાદ લુંટનો આરોપી અનવર ગફારભાઈ ખેબર પણ છે. જેને પગલે પોલીસ આરોપી વિજયસિંહ હરીસિંહ ટાંક તેમજ અનવર ખેબરને પકડી પાડી ગાંધીનગર કચેરી ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે વિજયસિંહ સામે વિવિધ પોલીસ મથકમાં વિવિધ ગુનાઓ નોંધાયેલા છે.

જયારે આરોપી પોતાની વૈભવશાળી લાઈફ સ્ટાઈલથી સામાન્ય નાગરીકોને પ્રભાવિત કરતો હતો.જે વ્યકિત તેની લાઈફ સ્ટાઈલથી અંજાઈ જાય તે વ્યકિતનો ભરોસો અને વિશ્વાસ કેળવી તે વ્યકિતઓની કરોડો રૂપીયાની મિલ્કત ભાડા કરારથી મેળવી તે મિલ્કતો પર ગેરકાયદેસર રીત કબ્જો જમાવવાની વૃતિ ધરાવે છે.

# આવતીકાલે સાયન્સ સિટી ખાતે એકવેટિક ગેલેરી, રોબોટિકસ ગેલેરી અને નેચર પાર્કનું વડાપ્રધાનના હસ્તે ઉદ્ઘાટન

ગાંધીનગર, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧૬મી જુલાઈના રોજ જેનું ઉદ્ઘાટન કરવાના છે તે ગુજરાત સાયન્સ સિટીના ફેઝ-૨ ના વિકાસમાં મુખ્ય ત્રણ નવીન આકર્ષણોનો સમાવેશ થાય છે. સાયન્સ સિટીના ફેઝ-૨ વિકાસના ભાગરુપે વ્યવહારિક અને અત્યાધુનિક વિષયો આધારિત નવી ગેલેરીઓ વિકસવવામાં આવી છે.

સાયન્સ સિટી દ્વારા અત્યાધુનિક એકવેટિક ગેલેરી વિકસવવામાં આવી છે જે ભારતનું સૌથી મોટું એકવેરિયમ હશે. આ એકવેરિયમમાં જુદી-જુદી દરિયાઈ (જળચર) પ્રજાતિઓ જે દુનિયાના જુદા જુદા ક્ષેત્રોમાં જોવા મળે છે તે અલગ-અલગ ટેંકસમાં મુકવામાં આવેલ છે. આ ઉપરાંત,એક મુખ્ય ટેંક માં દુનિયાભરમાં જોવા મળતી મોટા ભાગની શાર્ક પ્રજાતિ મુકવામાં આવી છે.૨૮ મીટરનો વિશિષ્ટ વોક-વે ટનલ જે કયારેય ના અનુભવ્યો હોય તેવો અદભુત અનુભવ પ?રો પાડશે. આ એકવેરિયમમાં જીટલ લાઈફ સપોર્ટ સિસ્ટમ,શુધ્ધિકરણ અને વોટર ટ્રીટમેન્ટ સાથે ખારા પાણી અને ભાંભરા પાણી (સહેજ ખારું) બનાવવાની વ્યવસ્થા ધરાવે છે.

પરિયોજનાનો કુલ ખર્ચ ૨૬૦ કરોડ રૂપિયા કરાયો છે.

ગુજરાત સાયન્સ સિટી ખાતે ૮ હેકટર જગ્યામાં નિર્માણ પામી રહેલું 'નેચર પાર્ક' એ પશ્ચિમ અમદાવાદનું સૌથી મોટું જાહેર ઉધાન તરીકે જાણીતું થશે. જેમાં ૭ હેકટર જગ્યામાં પથરાયેલ વિવિધ પ્રકારના છોડ તથા વૃક્ષો જૈવવિધિતાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડશે. તથા ૧ હેકટરમાં આવેલ વોટર બોડીમાં મુલાકાતીઓ નોકાવિહારની પણ મજા માણી શકશે. નેચર પાર્ક ખાતેના મુખ્ય આકર્ષણોમાં બટરફલાય ગાર્ડન,ગાર્ડ ઓફ કલર, ઓકસિજન પાર્ક, ભુલભુલૈયા, કેકટ્સ ગાર્ડન, મિસ્ટ બામ્બુ ટનલ,ચેસ કમ યોગા ગાર્ડન, ઓપન જિમ, જોગિંગ પાથ, વોકિંગ પાથ,ચિલ્ડ્રન પ્લે એરિયા,તથા વિવિધ સરલ્ફી પોઈન્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત નેચર પાર્ક ખાતે વૂલી,ડાયનાસોર,મેમથ,હેલપીગ,ટેરર બર્ડ,જેફરસન,ગ્રાઉન્ડેડ બિયર,શેબર ટુથેડ લાયન જેવા લુપ્ત થયેલ પ્રજાતિના સ્કલ્પ્ચર છે. જે મુલાકાતીઓ, માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

રોબોટિક ગેલેરીનું નિર્માણ એક ઈન્ટરેકટીવ ગેલેરી તરીકે આશરે ૧૧૦૦ સ્કેવર મીટર વિસ્તારમાં કરવામાં આવેલ છે જેમાં રોબોટિક ટેકનોલોજીના અતિ આધુનિક યુગનું પ્રદર્શન કરવામાં આવેલ છે. જે મુલાકાતીઓને અત્યાધુનિક રોબોટિક ક્ષેત્રને સમજવામાં સક્ષમ બનાવશે. આ ગેલેરી ના પ્રવેશદ્વારે એક વિશાળ રોબોટિક સ્કલ્પ્ચર છે. આ મ્યુઝીયમ એક પ્રકારની માનવ-રોબોટ ક્રિયાપ્રતિક્રિયા માટે રચાયેલ છે. ગેલેરીમાં આવતા મુલાકાતીઓને સામાજિક અભિગમવાળા હ્યુમનોઈડ રિસેપ્શન રોબોટ?સ દ્વારા સ્વાગત અને અભિવાદન કરવામાં આવશે. આ હ્યુમનોઈડ રોબોટ મુલાકાતીઓને આવકારવા, અભિવાદન કરવા અને સુવિધાઓની જાણકારી પુરી પાડશે. મુલાકાતીઓ સાથે આનંદ,આશ્ચર્ય અને ઉત્સાહની ભાવનાઓ વ્યક્ત કરવા સાથે, આધુનિક તકનીકીના આગળના ભાગોમાં મુલાકાતીઓ માટે 'વિસ્મય'ની લાગણી પ્રગટાવવા, મુલાકાતીઓ સાથે વાતચીત કરવામાં પણ કલ્પના કરવામાં આવી છે. ગેલેરીના ફલોર પર મેડિસીન, કૃષિ, અવકાશ, સંરક્ષણ વગેરે સહિતના વિવિધ ક્ષેત્રોમાં રોબોટ્સની ઉપયોગિતા અને વપરાશ દર્શાવેલ છે. રોબોટિક ગેલેરીમાં પ્રશિક્ષિત થયેલ ઓકેસ્ટ્રા રોબોટની સાથે સુમેળ ધરાવતા ટ્રમ્પેટ, ડ્રમ અને પિયાનો વગાડતા રોબોટ દ્વારા મુલાકાતીઓ ને આકર્ષવામાં આવે છે. રોબોટિક ગેલેરીનો અનુભવ ત્યાં સુધી અધરો છે જયાં સુધી મુલાકાતીઓને રોબો કાફેમાં રોબોટિક શૈફ દ્વારા તૈયાર કરાયેલ તાજગીસભર ખોરાક રોબો વેઈટર દ્વારા પીરસવામાં ન આવે.

## ઓલિમ્પિકમાં ભાગ લેવા જઈ રહેલ રાજ્યની છ એ દિકરીઓને દસ લાખ રૂપિયાની સહાય

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદના ૬૦ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર રાજ્યના ૬ ખેલાડીઓ આગામી ઓલિમ્પિક રમતોમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવાના છે.

૨૩મી જુલાઈથી ટોકિયો ખાતે યોજાનારી ઓલિમ્પિક ગેઈમ્સ ૨૦૨૧માં ગુજરાતની એકસાથે ૬ નારીશક્તિ - મહિલા ખેલાડીઓની પસંદગી થઈ છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની નારીશક્તિની સ્પોર્ટ્સ ક્ષેત્રે આ વૈશ્વિક સિધ્ધિને પ્રોત્સાહિત કરતા ઓલમ્પિક રમતોમાં ભાગ લેવા પસંદ થયેલી ગુજરાતની છ દિકરીઓને પ્રત્યેકને રૂ. ૧૦ લાખની નાણાકીય સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

ગુજરાતની આ છ દિકરીઓ જેમને આ ૧૦ લાખની સહાય મળશે તે માના પટેલ સ્વિમિંગમાં, એલાવેનિલ વાલારિવન શૂટિંગમાં, અંકિતા રૈના ટેનીસમાં, સોનલ પટેલ તથા ભાવિના પટેલ પેરા ટેબલ ટેનિસમાં અને પારૂલ પરમાર પેરા બેડમિન્ટન રમતમાં ટોક્યો ઓલમ્પિક-પેરા ઓલમ્પિક ખાતે વિશ્વના અન્ય દેશના ખેલાડીઓ સાથે સ્પર્ધામાં ઉતરશે. ટોક્યો ઓલમ્પિક-૨૦૨૧ રમતો આ વર્ષે તા. ૨૩મી જુલાઈ ૨૦૨૧ થી તા. ૮ ઓગસ્ટ સુધી અને પેરા ઓલમ્પિક રમતો તા. ૨૪ ઓગસ્ટથી તા. ૫ સપ્ટેમ્બર સુધી જાપાનના ટોક્યો ખાતે યોજાવાની છે.

# ગોપાલ ઈટાલીયા સામે હિન્દુ સમાજની લાગણી દુભાવવા સંદર્ભે આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૧૪

આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા સામે વર્ગ વિગ્રહ કરાવવા તેમજ સમાજની લાગણી દુભાવવા માટે હિન્દુ સમાજ, બ્રહ્મ સમાજ, સાધુ સંતો સહિતના આગેવાનોએ એકઠા થઈને ગાંધીનગર કલેકટરને આવેદન પત્ર પાઠવી ગોપાલ ઈટાલીયાની ધરપકડ કરવા અંગે રજુઆત કરી હતી.

છેલ્લા કેટલાક સમયથી હિન્દુ સમાજની લાગણી દુભાય તેવા વાક્યો બોલવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ત્યારે ગુજરાતની આપ પાર્ટીના હિન્દુ વિરોધી પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયા દ્વારા હીન્દુ સમાજની પૂજા વિધી માટે અને ખાસ બ્રાહ્મણો વિરુધ્ધ અભદ્ર ભાષાઓનો ઉપયોગ કરવામાં આવેલ છે.તે અંગે આજરોજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ(રાજયકક્ષા), વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, દુર્ગા વાહિની, શ્રી પરશુરામ ઈન્ટરનેશનલ, શ્રી સોમનાથ ચેરીટેબલ ટ્રસ્ટ સહિત હિન્દુ સમાજના આગેવાનો જોડાયા હતા. જેમાં અશ્વિન ત્રિવેદી, સુનિલભાઈ ત્રિવેદી, પરમ ધર્મ સંસદ ગાંધીનગર લોકસભા ૧૦૦૮ કન્હૈયા લાલ પંડાયજી, મંહત શ્રી અવધ કિશોર લાલ મહારાજ શ્રી, મહંત શ્રી રામમનોહર દાસજી, મહંતશ્રી રામગીરી બાપુ, દિવ્ય ત્રિવેદી, છાયાબેન ત્રિવેદી, અખિલેશ પુરોહિત, હિમાંશુ ભચેચ, મૌલિક દિક્ષિત, શકિતસિંહ ઝાલા, પ્રેમલસિંહ ગોલ, સહિત બ્રહ્મક્રર્મ ચેરીટેબલ ટ્રસ્ટના તમામ પુજારીઓ દ્વારા ગાંધીનગર જિલ્લા અધિક નિવાસી કલેકટરને આવેદન પત્ર પાઠવી હિન્દુ વિરોધી ગોપાલ ઈટાલીયા સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજુઆત કરી હતી.

## કામ અટક્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગેરહાજરી વચ્ચે આ રોપાઓ બળી ન જાય તે માટે ટેન્કરની મદદથી પાણી પુરુ પાડવામાં આવી રહ્યુ છે. જયારે બાકી રહેતા વાવેતર માટે પણ આયોજન કરાયુ છે. આ સ્થિતિ વચ્ચે વરસાદ અદ્રશ્ય રહેતા નવા રોપોઓની વાવણી પ્રક્રીયા પણ અટવાઈ છે. આગામી દિવસોમાં યોગ્ય મેઘ મહેર થાય ત્યારબાદ નવા રોપાઓ ઉછેરવામાં આવશે. અલબત્ત બાકી વાવેતર પુર્ણ કરાશે. વનતંત્ર દ્વારા શહેરમાં દરવર્ષે ખાલી જગ્યાનો સર્વે કરી નવા રોપાઓ ઉછેરવામાં આવે છે. પરંતુ હવે શહેરમાં રોપાઓ ઉછેરવા માટે ખાલી જગ્યા પણ ઉપલબ્ધ નથી જેના લીધે નવા રોપાઓ ઉછેરવાનુ કામ વધુ મુશ્કેલ બન્યુ છે.

## ચુંગાલમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે છેલ્લા કેટલાક સમયથી ગંદકીથી ખદબદતા આરક્ષિત વિસ્તારમાં હરિયાળી સામે પણ ખતરો મંડરાયેલો છે. નવા રોપાઓની જાળવણી અને ઉછેરનુ કામ પણ મુશ્કેલબ બન્યુ છે. વન આરક્ષિત વિસ્તારમાં દબાણોની ભરમાર છે. હરિયાળા વૃક્ષો વચ્ચે ઝુંપડાની કતારો જોવા મળે છે. એટલુ જ નહી પરંતુ રહેણાંક વિસ્તારની નજીક સ્થિત આ ઝુંપડાના દબાણોના લીધે સ્થાનિક રહીશો પણ પરેશાન છે. વનતંત્ર દ્વારા વન આરક્ષિત વિસ્તારને અનુલક્ષી અગાઉ ફેન્સીંગ પણ કરવામાં આવી હતી પરંતુ સમય જતા આ ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. શહેરના ઉભા અને આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગ તુટેલી હોવાથી રખડતા ઢોર સહીત અન્ય દબાણ કર્તાઓની અવરજવર પણ સરળ બની છે. વન આરક્ષિત વિસ્તારમાં ઝુંપડાના દબાણો વધી ગયા છે. આ ઉપરાંત કેટલીક જગ્યાએ લારી ગલ્લાના દબાણોનો પણ અડ્ડો જોવા મળી રહ્યો છે. વનતંત્ર પાસે નવી ફેન્સીંગ નાંખવા માટે નાણાંકીય જોગવાઈ નથી જયારે બીજીતરફ વનઆરક્ષિત જગ્યામાં વધતા દબાણો સ્થાનિકો માટે પણ ત્રાસરૂપ બન્યા છે. બીજીતરફ હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે. વનતંત્ર કક્ષાએથી દબાણો દુર કરવા માટે યોગ્ય ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકોએ કરી છે.

## વરસ્યા નહીં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુધી સિઝનનો અંદાજિત ૮૫ મી મી અલબત્ત સાડા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે. એક મહીનાના અંતે પણ મેઘરાજાએ મન મુકીને મહેર કરી નથી. વરસાદ ખેંચાતા નગરજનો ગરમીથી અકળાયા છે જયારે ખેડુતોમાં પણ ચિંતા જન્મી છે. સેકટરોમાં વરસાદી ઝાપટાના અંતે મચ્છર અને જીવાતનો ઉપદ્રવ વધતા મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા રોગચાળાનો ખતરો મંડરાયો છે. આજે દિવસ દરમિયાન તડકી છાયડીન માહોલ વચ્ચે મેઘરાજા અદ્રશ્ય રહ્યા હતા.

## બે વિકલ્પ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગણિત સ્ટાન્ડર્ડ રાખશે એ વિદ્યાર્થી ધોરણ ૧૧માં સાયન્સ અથવા કોમર્સમાં પ્રવેશ મેળવી શખશે. ગણિત બેઝિક લેનાર વિદ્યાર્થી ધોરણ ૧૧ સાયન્સમાં પ્રવેશ મેળવી શકશે નહીં. ૧૦માં બેઝિક પરીક્ષા પાસ કરનાર સાયન્સ લેવા માગે તો જુલાઈમાં પૂરક પરીક્ષા ગણિત સ્ટાન્ડર્ડની પાસ કરી સાયન્સમાં પ્રવેશ લઈ શકશે. જો કોઈ વિદ્યાર્થી ગણિત સ્ટાન્ડર્ડમાં નાપાસ થાય તો પૂરક પરીક્ષા ગણિત બેઝિક કે સ્ટાન્ડર્ડની પસંદગી કરી આપી શકશે. આ પ્રકારે વિકલ્પ માત્ર ધોરણ ૧૦ માટે અપાશે, ધોરણ ૯ માટે આવો કોઈ વિકપ આપી શકાશે નહીં. જે વિદ્યાર્થીઓ ધોરણ ૧૦ બાદ સાયન્સ લેવા માગતા નથી એવા વિદ્યાર્થીઓ આગળ અભ્યાસ કરી શકે એ માટે નિયમોમાં નવી શિક્ષણનીતિ ૨૦૨૦ના નિયમો હેઠળવ આ ફેરફાર કરવામાં આવ્યો છે.

## મોરચો ખોલ્યો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શોભનાબેન પટેલ, બિસમીલ્લાબેન, કપિલાબેન ચાવડા સહીત ૧૦૦થી વધારે મહિલા આગેવાનો અને કાર્યકરો સત્યાગ્રહ છાવણી ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને મહિલા ભાજપની કેન્દ્ર અને રાજય સરકારની અસફળતાને લઈને સૂત્રોચાર કર્યો હતો. જેથી પ્રદર્શનકારી મહિલાઓએ આક્રમક સૂત્રોચ્ચાર કરાતા પોલીસ દ્વારા લગભગ ૭૦ જેટલી મહિલા કાર્યકરો અને આગેવાનોની અટકાયત કરીને સે. ૭ ખાતે લઈ જવામાં આવ્યા હતા.

એકબાજુ કોરોનાની બીજી લહેરમાં સરકારના અણધડ વહીવટને કારણે આમ પ્રજા માટે પૂરતા પ્રમાણમાં ઓકસીજન, વેન્ટિલેટર, દવાઓ પૂરી પાડવામાં નહોતી આવી એવા સમયે પેટ્રોલના ભાવ ૧૦૦ રૂપિયા પાર કરી ગયા છે. ડીઝલનાં ભાવ પણ ગમે ત્યારે ૧૦૦ રૂપિયા પાર કરી જશે. ગેસના સિલિન્ડર ૮૨૫ રૂપિયા તથા ખાદ્યતેલનો ડબ્બો ૨૮૦૦ રૂપિયાને પાર કરી ગયો છે. જેના કારણે આમપ્રજા અને મધ્યમ વર્ગની ગૃહિણીઓ કોરોના અને આકરી મોઘવારીનાં મારથી પીડાઈ રહી છે તેવું જિલ્લા મહિલા કોંગ્રેસની અખબારી યાદીમાં જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી સોનલબા ચાવડાએ જણાવ્યુ.

## લાગણીનો મેળો

● પાના ૪થાનું ચાલુ...

સગી આંખે ભાળ્યા છે... એક કાળે અમારા ધોતી ધારી અભણ વડીલોને બીજા માટે જાત ઘસતા નિહાળ્યા છે. અંગૂઠા છાપ લોકોની ભલમનસાઈ ને કોઠાસૂઝ સામે આજના ભણેલા-ગણેલા વેલ એજ્યુકેટેડ સાવ અભણ જ લાગે છે. સાચે જ આપણે પંથ ભૂલ્યા છીએ.... પાછા વળવું પડશે... જાગ્રતિ અને સમજ કેળવવામાં બહુ મોડું કર્યે પાલવે એમ નથી. આપણા શિક્ષણતીર્થોને ગુરુકુળ બનાવીએ. ત્યાંથી જ પ્રકાશનાં નવા કિરણો અને સુવાસથી ભરેલાં જીવન પુષ્પોનો ઉદય થશે. શિક્ષણના બળે જ જીવન અને જગતમાં આનંદ, ઉત્સવ અને સમૃદ્ધિ લાવી શકાશે.

સ્પર્શમણિ :

અંધારું જ જયાં આપણું હોય ત્યાં પારકાનું અજવાળું કામ ના આવે.

●●●

કેવા સરસ હતા એ દિવસો સ્કૂલમાં ઉદ્યોગ નામનો વિષય હતો પણ સ્કૂલ નામનો કોઈ ઉદ્યોગ નહોતો.

●●●

શિક્ષણ એટલે વિદ્યાર્થી સત્યનું આચરણ કરે, અન્યનું શિવ ઈચ્છે અને જગતને સુંદર બનાવે.

- rasikvaland1965
@gmail.com
Mo. 9913426949


**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઈલેકટ્રોનીકસ એસ્ટેટ, સેકટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર-૩૮૨૦૨૪
ફોન નંબર-૨૩૨૨૮૭૧૩૪ થી ૩૮

**ટેન્ડર નોટીસ**

(૧) મધુર ૫૦૦ એમ.એલ.ભેસઘી પાઉચ CBX કાર્ટુન બોક્સ મધુર ૫૦૦ એમ.એલ. ગાય ઘી પાઉચ CBX કાર્ટુન બોક્સ પાર્ટીશન સેમ્પલ પ્રમાણેના (સપોર્ટ) સાથે, તૈયાર કરી સપ્લાય કરવા

(૨) મધુર મીઠાઈ ૫૦૦ એમ.એલ. પેકીગ ટ્રે CBX સેમ્પલ મુજબ,મધુર ૧૫ કિલો. ઘી ટીન CBX, મધુર બટર ૧૫ કીલો કેપે. બટર પેકીંગ CBX, વાષિંક ધોરણે સપ્લાય કરવા માટેના ટેન્ડર ભાવ બાબત.

**ગાંધીનગર દૂધ સંઘ ખાતે તા : ૦૧-૦૮-૨૦૨૧ થી ૩૧-૦૭-૨૦૨૨ના સમયગાળા માટે**

(૧) મધુર ૫૦૦ એમ.એલ.ભેસઘી પાઉચ CBX કાર્ટુન બોક્સ મધુર ૫૦૦ એમ.એલ. ગાય ઘી પાઉચ CBX કાર્ટુન બોક્સ, પાર્ટીશન સેમ્પલ પ્રમાણેના (સપોર્ટ) સાથે, તૈયાર કરી સપ્લાય કરવાના ટેન્ડર ભાવ તથા

(૨) મધુર મીઠાઈ ૫૦૦ એમ.એલ. પેકીગ ટ્રે CBX, મધુર ૧૫ કલો. ઘી ટીન CBX, મધુર બટર ૧૫ કીલો કેપે. બટર પેકીંગ CBX, વાર્ષિક ધોરણે સપ્લાય કરવા કાર્ટુન બોકસ વાર્ષિક ધોરણે સપ્લાય કરવા માટેના ટેન્ડર ભાવ ભરવા માટે અલગ અલગ ટેન્ડર ફોર્મ લઈ અલગ અલગ ટેન્ડર ભાવ મંગાવવામાં આવેલ છે. તો નીચેની વિગતે ટેન્ડર ભાવ ભરવા જણાવવામાં આવે છે.

(૧) મધુર ૫૦૦ એમ.એલ.ભેસથી પાઉચ CBX કાર્ટુન બોકસ /મધુર ૫૦૦ એમ.એલ.ગાય ઘીપાઉચ CBX કાર્ટુન બોક્સ સપ્લાય કરવાના કોરા ટેન્ડર ફોર્મ રૂા. ૫૦૦/- (નોન રીફંડેબલ) સંસ્થાના હિસાબી શાખામાં રોકડા ભર્યેથી ટેન્ડર ફોમ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી તા : ૨૨-૦૭--૨૦૨૧ સુધી ઓફિસ

સમય દરમ્યાન ૧૫-૦૦ સુધી મેળવી શકાશે. અને ભરેલા સીલબંધ ટેન્ડર ફોર્મ અર્નેસ્ટમની ડીપોઝીટ રૂા. ૪૦,૦૦૦/ના (રીફંડેબલ) ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના નામના ડી.ડી. સાથે તા : ૨૨-૦૭-૨૦૨૧ના રોજ ૧૬-૦૦ સુધી ઉપરોકત સરનામે પહોચાડવાનું રહેશે

(૨) મધુર મીઠાઈ ૫૦૦ એમ.એલ. પેકીંગ ટ્રે CBX સેમ્પલ મુજબ ,મધુર ૧૫ કિલો, ઘી ટીન CBX, મધુર બટર ૧૫ કીલો કેપે. બટર પેકીંગ CBX વાર્ષિક ધોરણે સપ્લાય કરવાના ટેન્ડર ફોર્મ ટેન્ડર ફોર્મ રૂા. ૫૦૦/- (નોન રીફંડેબલ) સંસ્થાના હિસાબી શાખામાં રોકડા ભર્યેથી ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી તા : ૨૨-૦૭-૨૦૨૧સુધી ઓફિસ સમય દરમ્યાન ૧૫-૦૦ સુધી મેળવી શકાશે. અને ભરેલા સીલબંધ ટેન્ડર ફોર્મ અર્નેસ્ટમની ડીપોઝીટ રૂ ૪૦,૦૦૦/- ના (રીફંડેબલ) ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના નામનો ડી.ડી.સાથે તારીખ : ૨૨-૦૭--૨૦૨૧ ના રોજ ૧૮-૦૦ સુધી ઉપરોકત સરનામે પહોચાડવાનું રહેશે

સમય મર્યાદા બાદ આવેલ સીલબંધ ટેન્ડર કોઈપણ સંજાગોમાં સ્વીકારવામાં આવશે નહિ. ટેન્ડરમાંના ભાવ /ઓફર સ્વીકારવી કે નહિ તેનો અબાધિત અધિકાર સંસ્થાના મેનેજીગ ડીરેકટરશ્રીનો રહેશે.

**મેનેજીંગ ડીરેક્ટરશ્રી**



**(જાહેરાત ક્રમાંક ૦૩/૨૦૨૧)**

શ્રી ગોઝારિયા કેળવણી મંડળ સંચાલિત, શેઠશ્રી આર.વી. રાવલ ખાનગી ગ્રાન્ટ ઈન એઈડ ઔધોગિક તાલીમ સંસ્થા, ગોઝારિયા ખાતે રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ રોતાનિ/જીઆઈએ/ઘ-૨/૨૦૨૦/૩૦ તા.૦૨/૦૧/૨૦૨૧ તથા રોતાનિ/જીઆઈએ/ઘ-૨/ભરતી/૨૦૨૧/૧૮૯૭ તા.૨૫/૦૫/૨૦૨૧થી અત્રેની સંસ્થાને મંજુર કરવામાં આવેલ નીચે દશાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા લાયક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | જગ્યાનો પ્રકાર શૈક્ષણિક/બિન શૈક્ષણિક | જગ્યાની કેટેગરી | જગ્યાનું પગાર ધોરણ/ ફીક્સ પગાર | જગ્યાની લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સ્ટોર કીપર | ૧ | બિન શૈક્ષણિક | બિન અનામત | ૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે ૪૨૦૦ ફિક્સ પગાર ૩૧૩૪૦ | શૈ.લાયકાતઃ- માન્ય સંસ્થાનો મીકેનીકલ/ઈલેકટ્રીકલ/સીવીલ/ઓટોમોબાઈલ/ઈલેક્ટ્રોનિક્સ ડીપ્લોમાં ઈન એન્જીનીયરીંગ અથવા વિજ્ઞાન અને ગણિતના વિષય સાથે એસ.એસ.સી.ઈ પાસ કે તેની સમકક્ષ અને એન.સી.વી.ટી પેટર્નનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ સફળતા પુર્વક પાસ થયેલ હોવા જોઈએ. અનુભવઃ- શૈક્ષણિક લાયકાત મેળવ્યા પછી સંબંધિત વ્યવસાયને લગતો પ્રેક્ટીકલ અને/ અથવા શૈક્ષણિક અનુભવ ડિપ્લોમા લ્ડર માટે બે વર્ષનો અથવા સર્ટિફિકેટ હોલ્ડર માટે પાંચ વર્ષનો હોવો જોઈએ. |
| ૨ | કા.ઈ. વાયરમેન | ૧ | શૈક્ષણિક | સા.શૈ.પ. વર્ગ | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૨૮૦૦ ફિક્સ પગાર ૩૧૩૪૦/- | Academic: 10th class pass or its equivalent, and Technical: Degree in Electrical/ Electrical and Electronics Engineering with one year post qualification experience. OR Three Year Diploma in Electical/ Electrical and Electronics Engineering with two year post qualification experience. OR NTC/NAC in same or relevant trade with three year post qualification experience and National Craft instructor Certiicate(CITS) હિન્દી તેમજ ગુજરાતી ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. |
| ૩ | જુનિયર ક્લાર્ક | ૧ | શૈક્ષણિક | બિન અનામત | ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે ૧૯૦૦ ફિક્સ પગાર ૧૯૯૫૦ | શૈ.લાયકાતઃ- એસ.એસ.સી.ઈ પાસ અથવા તેની સમકક્ષ HaLke a speed of not less than 5000 Key depression per hour witj accuracy for data entry work in English and Gujarati કોમ્પ્યુટરનું સામાન્ય જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. જે અંગેનું માન્યતા પ્રાપ્ત સંસ્થાનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે. હિન્દી તેમજ ગુજરાત ભાષાનું પૂરતું જ્ઞાન હોવું જોઈએ. |

**સુચનાઓઃ**

(૧) લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને જાતિના પ્રમાણપત્રોની પ્રમાણીત નકલ સહિતની અરજી ''આચાર્યશ્રી શેઠશ્રી આર.વી. રાવલ ખાનગી ગ્રાન્ટ ઈન એઈડ ઔધોગિક તાલીમ સંસ્થા, ગોઝારિયા, મું.પો.ગોઝારિયા, તા.જી.મેહસાણા-૩૮૪૪૭૦'' ને રજીસ્ટર પોસ્ટ એડીથી જ મોકલવાની રહેશે.

(૨) અરજીપત્રકો સ્વીકારવાની છેલ્લી તારીખ જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૧૫ સુધીમા આવેલ અરજીઓ જ માન્ય ગણવામાં આવશે

(૩) સદરહુ જગ્યાઓ શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૧/૦૯/૧૯૮૯ના ઠરાવ ક્રમાંક જીઆઈએ/૧૦૮૯/૧૦૪/૨(૨)થી નિયત થયેલ પસંદગી સમિતી દ્વારા ભરવામાં આવશે

(૪) આ જગ્યાઓ પર નિમાનાર કર્મચારીઓને ગ્રાન્ટ ઈન એઈડ કોડ-૧૯૮૪ના ધોરણો-નિયમો બંધનકર્તા રહેશે.

(૫) આ જગ્યાઓની ભરતી અંગેની વધુ વિગતો રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગરની વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in તથા ઔ.તા.કેન્દ્ર ગોઝારિયાની વેબસાઈટ http://itigozaria.org ઉપરથી મળી શકશે.

**મંત્રીશ્રી,**
**શ્રી ગોઝારીયા કેળવણી મંડળ સંચાલિત,**
**શેઠશ્રી આર.વી.રાવલ આઇ.ટી.આઇ.ગોઝારીયા**

ક્રમાંકઃનામાનિ/મહે/ ૧૪૪/૨૦૨૧-૨૦૨૨